RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com


# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 307* Date: 27.08.2023,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# જ્યાં લેન્ડર ઉતર્યું છે તે પોઈન્ટને શિવશક્તિના નામથી ઓળખવામાં આવશે. : વડાપ્રધાન




## વડાપ્રધાન ઈસરો કમાન્ડ સેન્ટરમાં ભાવુક થયા,ભીની આંખે વૈજ્ઞાનિકોને સેલ્યૂટ કર્યું

બેંગ્લુરૂ,તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતાના બે દેશના પ્રવાસને પૂરો કરીને આજે સ્વદેશ પાછા ફર્યા છે. તેઓ ગ્રીસથી સીધા બેંગલુરુ પહોંચ્યા હતાં. ૪૦ વર્ષમાં પહેલીવાર એવું બન્યું છે કે ભારતના કોઈ પ્રધાનમંત્રીએ ગ્રીસનો પ્રવાસ કર્યો. પીએમ મોદી અગાઉ ૧૯૮૩માં ઈન્દિરા ગાંધીએ ગ્રીસની મુલાકાત કરી હતી.

પીએમ મોદી દક્ષિણ આફ્રિકામાં થયેલી બ્રિક્સ સમિટમાં ભાગ લીધા બાદ ગ્રીસ પહોંચ્યા હતા. સ્વદેશ પાછા ફરતા જ પીએમ મોદી સીધા બેંગલુરુના ઈસરો હેડક્વાર્ટર ખાતે પહોંચ્યા. પીએમ મોદીનું વિમાન બેંગલુરુના એચએએલ એરપોર્ટ પર સવારે લગભગ ૬ વાગે લેન્ડ થયું. ત્યાંથી તેઓ ઈસરો ઈડક્વાર્ટર પહોંચ્યા. અહીં તેમણે ચંદ્રયાન ૩ મિશનને સફળ બનાવનારી વિજ્ઞાનિકોની ટીમ સાથે મુલાકાત કરી. આ પહેલા પીએમ મોદીએ એરપોર્ટથી નીકળતી વખતે સ્વાગતમાં ત્યાં ઊભેલા લોકોને સંબોધન પણ કર્યું હતું. ત્યાં પીએમ મોદીએ જય જવાન, જય કિસાન, જય અનુસંધાનનો નારો પણ આપ્યો. આ સાથે જ બેંગલુરુના રસ્તાઓ પર રોડ શો પણ કર્યો.

પીએમ મોદી બેંગલુરુના ઈસરો કમાન્ડ સેન્ટરના મીટિંગ હોલ પહોંચ્યા. અહીં મિશનમાં સામેલ તમામ વૈજ્ઞાનિકો હાજર રહ્યા. પીએમ મોદીનું હોલમાં સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઈસરો પ્રમુખે ચંદ્રયાન ૩ના સોફ્ટ લેન્ડિંગને ઐતિહાસિક ગણાવ્યું. તેમણે કહ્યું કે પીએમ મોદીનું ઈસરોના કંટ્રોલ સેન્ટરમાં સ્વાગત છે. ત્યારબાદ ઈસરો પ્રમુખે પીએમ મોદીને એ પણ જણાવ્યું કે ચંદ્રયાન ૩ કેવી રીતે ચંદ્ર પર ઉતર્યું અને ત્યારબાદ હવે રોવર પ્રજ્ઞાન કેવી રીતે કામ કરશે. પીએમ મોદીએ તમામ ચીજોને બારીકાઈથી સમજી.

વૈજ્ઞાનિકોને શુભેચ્છા પાઠવતી વખતે પીએમ મોદી ભાવુક થતા જોવા મળ્યા. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે હું તમને વૈજ્ઞાનિકોને સેલ્યૂટ કરવા ઈચ્છું છું. આ કોઈ સાધારણ સફળતા નથી. આ અંતરિક્ષમાં ભારતના સામર્થ્યનો શંખનાદ છે. પીએમ મોદીએ કહ્યું કે મારી આંખો સામે ૨૩ ઓગસ્ટની એક એક સેકન્ડ વારંવાર ઘૂમી રહી છે. જ્યારે ટચડાઉન કન્ફર્મ થયું. જે પ્રકારે ઈસરો સેન્ટર અને સમગ્ર દેશમાં લોકો ઉછળી પડ્યા તે દ્રશ્ય કોણ ભૂલી શકે. કેટલીક સ્મૃતિઓ અમર થઈ જાય છે. તે પળ અમર થઈ ગઈ. તે પળ આ સદીની સૌથી પ્રેરણાદાયક ક્ષણોમાંથી એક છે. દરેક ભારતીયને લાગતું હતું કે વિજય પોતાનો થયો છે. પોતે મહેસૂસ કરતો હતો. દરેક ભારતીયને લાગી રહ્યું છે કે તે એક મોટી પરીક્ષામાં પાસ થઈ ગયો.પીએમ મોદીએ વૈજ્ઞાનિકોને સંબોધન કરતા કહ્યું કે તમારા બધા વચ્ચે આવીને આજે એક અલગ પ્રકારની ખુશી મહેસૂસ કરી રહ્યો છું. કદાચ આવી ખુશી ખુબ જ દુર્લભ અવસરો પર થાય છે. જ્યારે આવી ઘટનાઓ ઘટે છે ત્યારે રઘવાટ હાવી થઈ જાય છે. આ વખતે મારી સાથે પણ આવું જ થયું છે. આજે પણ શુભેચ્છા અને સંદેશા અપાઈ રહ્યા છે. આ બધુ તમે બધાએ શક્ય બનાવ્યું છે. આ સાથે પીએ મોદીએ ૩ મહત્વની જાહેરાત કરી.

પીએમ મોદીએ કહ્યું કે તે ચંદ્રના રહસ્યોને ઉજાગર કરશે. આ સાથે જ ધરતીના પડકારોના સમાધાનમાં પણ મદદ કરશે. આ સફળતા માટે મિશનની સમગ્ર ટીમની શુભેચ્છા પાઠવું છું. મારા પરિવારજનો તમે જાણો છો કે સ્પેસ મિશનના ટચ ડાઉનનું નામ આપવાની પરંપરા છે. ચંદ્રમાના જે ભાગ પર ચંદ્રયાન ૩ ઉતર્યું છે ભારતે તેના નામકરણનો નિર્ણય લીધો છે. જ્યાં લેન્ડર ઉતર્યું છે તે પોઈન્ટને શિવશક્તિના નામથી ઓળખવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું કે વધુ એક નામકરણ ઘણા સમયથી પેન્ડિંગ છે. ચાર વર્ષ પહેલા જ્યારે ચંદ્રયાન ૨ ચંદ્રમા પાસે પહોંચ્યું હતું. જ્યાં તેમના પદચિન્હ પડ્યા હતા ત્યારથી નક્કી હતું કે તેનું નામ આપવામાં આવે. પરંતુ એ પરિસ્થિતિઓને જોતા અમે નક્કી કર્યું હતું કે જ્યારે ચંદ્રયાન ૩ સફળતા પૂર્વક પહોંચીશું ત્યારે બંને ચંદ્રયાન મિશનને નામ આપીશું. આજે જ્યારે દરેક ઘરમાં તિરંગો છે, આથી ચંદ્રયાન ૨ જે સ્થળે પદચિન્હો છોડ્યા છે તે સ્થળ હવે તિરંગા પોઈન્ટ કહેવાશે. જ્યાં ચંદ્રયાન ૩નું મૂન લેન્ડર પહોંચ્યું છે તે સ્થાન આજથી શિવશક્તિ કહેવાશે.

પીએમ મોદીએ એલાન કર્યું કે જે દિવસે ઈસરોએ ભારતનો તિરંગો ચંદ્ર પર લહેરાવ્યો એટલે કે જે દિવસે આપણું ચંદ્રયાન ૩ ચંદ્ર પર લેન્ડ કર્યું તે દિવસ ૨૩ ઓગસ્ટ દર વર્ષે ભહારત નેશનલ સ્પેસ ડે તરીકે ઉજવશે. દર વર્ષે ભારત આ ઉપલબ્ધિને યાદ કરશે અને આગળ વધવાની પ્રેરણા લેશે. મોદીએ સંબોધન દરમિયાન કહ્યું કે, આપણે ત્યાં સદીઓ પહેલા જ આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત અને ભાસ્કરાચાર્ય થઈ ગયા. ધરતીના આકારને લઈને ભ્રમ હતો તે સમયે જ આર્યભટ્ટે પૃથ્વીની ગોળાકારને લઈને વિસ્તારથી માહિતી આપી હતી.

# મહાનગરોમાં ઘર ચલાવવું મોંઘું, ખાધ ફુગાવો ૧૭ ટકાથી વધુ

નવીદિલ્હી,તા.૨૬

આજકાલ ટામેટાંથી લઈને ડુંગળી અને કઠોળથી લઈને અનાજ સુધીની દરેક વસ્તુ મોંઘી થઈ રહી છે. ખાધપદાર્થોની વધતી કિંમતોને કારણે મેટ્રો શહેરોમાં પરિવારને ખવડાવવું મોંઘુ થઈ ગયું છે. એક વિશ્લેષણ રિપોર્ટમાં આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે, જેમાં જાણવા મળ્યું છે કે નોન-મેટ્રો શહેરોની તુલનામાં મોટા અને મેટ્રો શહેરોમાં પરિવારનું ભરણપોષણ કરવું વધુ મુશ્કેલ બન્યું છે.

આ વિશ્લેષણ જુલાઈ ૨૦૨૨અને જુલાઈ ૨૦૨૩ વચ્ચે શહેરી અને બિન-શહેરી વિસ્તારોને ધ્યાનમાં રાખીને આવશ્યક ખાધ પદાર્થો માટે તૈયાર કરવામાં આવેલા બિલ પર આધારિત છે. તેમાં એક પરિવારમાં બે પુખ્ત વયના લોકો અને બે બાળકો દ્વારા સામાન્ય રીતે ખાવામાં આવતી ખાધ વસ્તુઓનો ડેટા શામેલ છે. એવું જાણવા મળ્યું કે મોટા શહેરોમાં પરિવારનું ભરણપોષણ કરવું વધુ પડકારજનક છે.

રાર્ષ્ટ્રીય સ્તરે, છેલ્લા વર્ષોમાં ખાધ ફુગાવાનો દર ૧૨.૪૫% હતો. યારે દિલ્હી અને ચેન્નાઈમાં આ દર ૧૮% યારે મુંબઈમાં આ દર સૌથી વધુ ૨૧% નોંધાયો હતો. આ સંદર્ભમાં નિષ્ણાતોનું કહેવું છે કે મોટા શહેરોમાં ખાધપદાર્થોની મોંઘવારી વધવાનું કારણ પસંદગીના ઉત્પાદનોના સપ્લાયમાં સમસ્યા હોઈ શકે છે. મેટ્રો શહેરોમાં લોજિસ્ટિક્સ ખર્ચ મોંઘો છે, સાથે જ અહીં રહેતા સેલરનું માર્જિન પણ વધારે છે. આ તમામ ખર્ચની કિંમત વેપારી ગ્રાહક પાસેથી વસૂલ કરે છે. ખાધપદાર્થોની કિંમતો વધુ હોવાથી લોકોનું બજેટ ખોરવાઈ ગયું છે. તેઓ તેમની આદતો બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે.

થોડા દિવસો પહેલા ટામેટાંના ભાવ વધારાને કારણે લોકો ખૂબ જ પરેશાન હતા. જુલાઈમાં, ટામેટાં બીજા નંબરની સૌથી મોંઘી ખાધ સામગ્રી હતી જે દરેક ભારતીય સામાન્ય રીતે ખરીદે છે. વર્ષ ૨૦૨૨માં યાં એક કિલો ટમેટાની સરેરાશ કિંમત ૩૬પિયા હતી, ત્યાં વર્ષ ૨૦૨૩માં તેની કિંમત વધીને ૧૨૭પિયા પ્રતિ કિલોથી વધુ થઈ ગઈ છે. જેમાં લગભગ ૨૪૮%નો વધારો જોવા મળ્યો હતો. આ સિવાય ચોખા અને ઘઉં ત્રીજા અને ચોથા એવા ખાધ પદાર્થો રહ્યા જે જુલાઈ ૨૦૨૩માં સૌથી મોંઘા હતા. જો કે, દરમિયાન, આ વર્ષે તમામ મુખ્ય ખાધતેલોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

# મધ્યપ્રદેશમાં મંત્રીમંડળનું વિસ્તરણ: ઉમા ભારતીના ભત્રીજાનો સમાવેશ

ભોપાલ,તા.૨૬

: મધ્ય પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંતમાં થવાની છે, ત્યારે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું છે. તેમણે ત્રણ મંત્રીઓને સામેલ કરીને પોતાના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું હતું. વિંધ્ય ક્ષેત્રના રાજેન્દ્ર શુક્લા અને મહાકૌશલ ક્ષેત્રના ગૌરીશંકર બિસેન તથા બંદેલખંડના રાહુલ લોધીએ રાજ્ય મંત્રી પદના શપથ લીધા હતા. ભોપાલમાં રાજભવનમાં રાજ્યપાલ મંગુભાઈ પટેલે ત્રણે ધારાસભ્યોને મંત્રીપદની શપથ લેવડાવ્યા હતા.



મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણનો હાલનો કાર્યકાળ માર્ચ, ૨૦૨૦થી શરૂ થયો હતો. ધ્યાન ખેંચે એવી વાત એ છે કે બુંદેલખંડ ક્ષેત્રના ટિકમગઢ જિલ્લાના ખરગાપુરથી પહેલી વાર વિધાનસભ્ય બનેલા લોધીને રાજ્ય મંત્રી બનાવવામાં આવ્યા છે. લોધી ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ ઉમા ભારતીના ભત્રીજા છે.તેમણે શપથ લીધા બાદ કહ્યું કે હતું પાર્ટીએ અમારા ઉપર જે વિશ્વાસ દેખાડ્યો છે. તેના માટે અમે બુંદેલખંડમાં જેટલો સંભવ હોય એટલા પ્રયત્નો કરીશું. સારા પ્રદર્શન માટે દોઢ મહિનો જ કાફી છે. સીએમએ યોગ્ય સમય પર નિર્ણય લીધો છે. અમે અમારો સર્વશ્રેષ્ઠ પ્રયત્ન કરીશું. અમારી પ્રાથમિક્તા બુંદેલખંડને મજબૂત કરવા અને તેનો વિકાસ કરવાની છે. હું ૧૫૦ સીટો જીતવાના પાર્ટીના લક્ષ્યની દિશામાં પ્રયત્ન કરીશ. આ સાથે નવનિયુક્ત મંત્રી રાજેન્દ્ર શુક્લએ કહ્યું હતું કે અમે નજર રાખીશું અને સુનિશ્ચિત કરીશું કે બધા વિકાસ કાર્ય અને જન્મ કલ્યાણ યોજનાઓ નીચે સુધી પહોંચે. જ્યારે મંત્રી ગૌરીશંકર બિસેને કહ્યું હતું કે અમારી પ્રાથમિક્તા રાજ્યના વિકાસ અને લોકોના કલ્યાણ કરવાનો છે.

# જો મને તક મળશે તો હું કોંગ્રેસ અધ્યક્ષ બનવા માંગુ છું, આ પદ મુખ્યમંત્રી કરતા ૧૦૦ ગણું મોટું છે : ગેહલોત

જયપુર,તા.૨૬

રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, સ્થિતિ એવી બની ગઈ કે હું કોંગ્રેસ અધ્યક્ષ બની શક્યો નહીં. તે મુખ્યમંત્રી કરતાં ૧૦૦ ગણું મોટું પદ છે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે, કોંગ્રેસમાં હાઈકમાન્ડ જ લોકોને મુખ્યમંત્રી અને મંત્રી બનાવે છે. પરંતુ આ બધી ભવિષ્યની બાબતો છે.



અશોક ગેહલોતે ફરી પુનરોચ્ચાર કર્યો કે, મેં સચિન પાયલટને કેન્દ્રીય મંત્રી બનાવવામાં સહકાર આપ્યો હતો. રાજસ્થાનમાં સીએમ ચહેરા માટે ભાજપમાં ચહેરાના અભાવના પ્રશ્ન પર, સીએમએ કહ્યું- અમારી માટે મોટી સમસ્યા એ છે કે કોઈ ચહેરો નથી. કોના પર હુમલો કરવો? ભાજપ પાસે ચહેરો પણ નથી. આપણે આપણો અભિગમ બદલવો પડશે. પરંતુ મને લાગે છે કે જનતા આ વખતે અમને બીજી તક આપવાના મૂડમાં છે.સીએમ ગેહલોતે કહ્યું- કોંગ્રેસ હાઈકમાન્ડ જ સીએમ અને મંત્રી બનાવે છે. સચિન પાયલટના સવાલ પર ગેહલોતે કહ્યું- જ્યારે સચિન કેન્દ્રીય મંત્રી બન્યા ત્યારે મેં સહકાર આપ્યો હતો. અમે રાજસ્થાનમાં લોકસભાની ૨૦ બેઠકો જીતી હતી. જ્યારે મને પૂછવામાં આવ્યું ત્યારે મેં સચિન પાયલટનું નામ સૂચવ્યું હતું. કારણ કે પાયલોટ ગુર્જર સમુદાયમાંથી છે અને ત્યારબાદ વસુંધરા સરકારમાં આંદોલનકારી ગુર્જરોને ગોળી મારી દેવામાં આવી હતી. તે સમયે ગુર્જર અને મીના સમાજ વચ્ચે તણાવ હતો. કોંગ્રેસમાં હાઈકમાન્ડ જ લોકોને મુખ્યમંત્રી અને મંત્રી બનાવે છે. આ અમારી પાર્ટીની શિસ્ત છે અને આ બધી ભવિષ્યની બાબતો છે.એક અંગ્રેજી અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં સીએમ ગેહલોતે કહ્યું કે, એ ખોટી માન્યતા છે કે હું મુખ્યમંત્રી જ રહેવા માંગતો હતો, તેથી જ મેં હોદ્દો છોડ્યો નથી અને કોંગ્રેસ અધ્યક્ષ નથી બન્યો. સોનિયા ગાંધી જાણે છે કે સત્ય શું છે. હું આ મામલે વધુ આગળ જવા માંગતો નથી. અમે બધા સાથે મળીને ચૂંટણી લડવા માંગીએ છીએ. જો કે હું કોંગ્રેસ અધ્યક્ષ બનવા માંગુ છું.

# ચંદ્ર મિશનની સફળતા બાદ ઈસરો 'આદિત્ય-એલ-૧' સૂર્ય મિશન માટે તૈયાર છે

બેંગ્લુરૂ,તા.૨૬

ચંદ્ર મિશનની સફળતા પછી, ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) સૂર્યનો અભ્યાસ કરવા માટેસંભવતઃ ૨ સપ્ટેમ્બરે સૂર્ય મિશનના પ્રક્ષેપણની તૈયારી કરી રહ્યું છે. 'આદિત્ય-એલ૧' અવકાશયાન સૌર કોરોના (સૂર્યના સૌથી બહારના સ્તરો)ના દૂરસ્થ અવલોકન માટે અને એલ-૧ (સૂર્ય-પૃથ્વી લેગ્રેંજિયન બિંદુ) પર સૌર પવનના સીટુ અવલોકન માટે બનાવવામાં આવ્યું છે.એલ-૧ પૃથ્વીથી લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર છે.સૂર્યનું અવલોકન કરવા માટેનુંતેપ્રથમ સમર્પિત ભારતીય અવકાશ મિશન હશે, જેસ્પેસ એજન્સી ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવશે. આદિત્ય-એલ૧ મિશનનો ધ્યેય એલ-૧ની આસપાસની ભ્રમણકક્ષામાંથી સૂર્યનો અભ્યાસ કરવાનો છે. અવકાશયાન સાત પેલોડ વહન કરશે જે વિવિધ તરંગ બેન્ડમાં ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર (સૂર્યની દૃશ્યમાન સપાટીની ઉપર) અને સૂર્યના સૌથી બહારના સ્તર (કોરોના)નુંઅવલોકન કરવામાં મદદ કરશે.

# સફળતા પર પ્રતિક્રિયા

આજે આખી દુનિયામાં ચંદ્રયાન-૩ની સફળતાની ચર્ચાઓ ચાલી રહી છે, તેમાં આશ્ચર્ય નહીં. પ્રતિક્રિયાઓ પર ધ્યાન આપીએ તો સ્પષ્ટ ખબર પડી જાય છે કે કોણ ખુશ છે અને કોણ નાખુશ! જોકે દુનિયાના મોટાભાગના લોકો આજ ખુશ છે કે માણસનું બનાવેલું એક યાન ચંદ્ર પર એક દુર્લભ જગ્યાએ પહેલી વાર ઉતર્યું છે. અંતરિક્ષ વિજ્ઞાનમાં સફળતમ દેશ અમેરિકામાં પણ ભારતની પ્રશંસા થઈ રહી છે. જે અમેરિકી અખબાર ક્યારેક ભારતનાં અંતરિક્ષ અભિયાનોની મજાક ઉડાવતાં હતાં, તેઓ પણ વખાણ કરી રહ્યા છે. કોઈ શંકા નહીં કે અમેરિકન નેતાઓએ ખુલીને ખુશી વ્યક્ત કરી છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિનની વધાઈ ખાસ મહત્ત્વ ધરાવે છે. રશિયન અભિયાન લૂના-૨૫ દુર્ભાગ્યે હજુ પાંચ દિવસ પહેલાં જ નિષ્ફળ થયું છે, તેમ છતાં પુતિને આગળ આવીને પ્રશંસા કરી છે. કોઈ ચીની નેતા પાસેથી તો નિવેદનની આશા પણ ન હતી અને ચીની અખબાર પણ ખામોશી રાખીને જ બેસી રહ્યાં, તો તેમની મજબૂરીને સમજી શકાય છે!બીજી તરફ પાકિસ્તાનમાં ખુશી વ્યક્ત કરતા લોકો અને અખબારો પર અનાયાસ ધ્યાન જાય છે. પાકિસ્તાને આપણાથી આઠ વર્ષ પહેલાં પોતાની અંતરિક્ષ વિજ્ઞાન એજન્સી સુપાર્કોની સ્થાપના કરી હતી, પરંતુ તે સંકીર્ણતા અને મજહબી કટ્ટરતાને કારણે પછાત રહી ગઈ. હવે ભારતની થઈ રહેલ પ્રશંસાથી પણ પાકિસ્તાને સકારાત્મક પ્રેરણા લેવી જોઈએ. માનવીય વૈજ્ઞાનિક વિકાસમાં જ દક્ષિણ એશિયા અને દુનિયાની ખૂબસૂરતી છે. દુનિયાની સર્વશ્રેષ્ઠ અંતરિક્ષ વિજ્ઞાન સંસ્થા નાસાની પ્રતિક્રિયા પણ યાદગાર છે. નાસાના પ્રમુખે આનંદ અને ગર્વની અભિવ્યક્તિ કરી છે. સ્પષ્ટ છે કે આવનાર દિવસોમાં ઈસરો અને નાસા વચ્ચે સહયોગ સ્થપાશે. સૌથી મોટી વાત કે ભારતે દુનિયાને સકારાત્મક વિચારસરણીનો અવસર આપ્યો છે. સકારાત્મક દૃષ્ટિ રાખનારા અરબ દેશોમાં પણ ખુશીની લહેરછે. વિશેષ રૂપે ચંદ્ર અભિયાન માટે પ્રયાસરત સંયુક્ત અરબ અમીરાતની ખુશી જોવા લાયક છે. એવા ઘણા દેશ છે, જેઓ ભારત સાથે અંતરિક્ષના મોરચે સહયોગ વધારશે, પરંતુ ખુદ આપણા દેશમાં કેવી પ્રતિક્રિયા રહી? કેટલાય નેતાઓને ચંદ્રયાન બાબતે કશી ખબર જ ન હતી, તેથી ખોટી કે અનુચિત પ્રતિક્રિયાઓ પણ આવી.

### રાજ્ય માં સૌ પ્રથમ બાળ મજુરી માંથી મુક્ત કરાયેલા

# બાળ મજુર તરૂણો અને વાલીઓની કૌશલ્ય વિકાસ અંતર્ગત રોજગારલક્ષી વર્કશોપનું કરવામાં આવ્યું આયોજન..



પાટણ તા. ૨૬

જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા સરકારી શ્રમ અધિકારીની કચેરી પાટણ દ્વારા બાળ મજુરી માંથી મળી આવેલ તરૂણો ને માટે મજૂરી છોડીને ભણવા માટે ના ભાગરૂપે ગુજરાત રાજ્ય માં સૌ પ્રથમ વખત પાટણ ખાતે કૌશલ્ય વિકાસ અને રોજગારલક્ષી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. આજે યોજાયેલા વર્કશોપમાં બે વર્ષમાં બાળ મજુરી કરતાં ૧૫ થી ૧૯ વર્ષના તરૂણો તેમજ તેઓના વાલીઓને મજુરીની જગ્યાએ ભણી ગણીને કઈ રીતે રોજગાર મેળવી શકાય તે વિશે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.ત્યારે બાળ મજુરી માંથી મુક્ત કરાવેલ તરૂણો માટે કૌશલ્ય વિકાસ અને રોજગારલક્ષી કાર્યક્રમનું રાજ્યમાં પ્રથમ વખત આયોજન કરવામા આવ્યું હતું જેમા જિલ્લા વહીવટીતંત્ર જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા સરકારી શ્રમ અધિકારીની કચેરી પાટણ દ્વારા સંયુક્ત રીતે આજના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ વર્કશોપ માં, જિલ્લા રોજગાર કચેરી, તેમજ બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા નાં અધિકારીઓ દ્વારા તરૂણો અને તેઓના વાલીઓને તેઓની સંસ્થાદ્વારા નક્કી કરાયેલા સમયમાં કયા કયા પ્રકારની તાલીમ આપવામાં આવે છે, અને તાલીમ દ્વારા કયા ક્ષેત્રમાં રોજગારી મેળવી શકાય છે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વર્કશોપમા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી કેતનભાઈ પ્રજાપતિ દ્વારા પોતાના પ્રાથમિક પ્રવચન જીવનમાં કૌશલ્ય વિકાસ પર ભાર મુકવો જોઈએ તે વિષય પર માર્ગદર્શન આપ્યું હતું વર્કશોપમાં યુનિસેફ સ્ટેટ કન્સલટન્ટ બિનલ પટેલ, જિલ્લા શ્રમ અધિકારી મનસ્વીબેન કથીરીયા, જિલ્લા રોજગાર વિનિમય અધિકારી એચ.એચ.ગઢવી, પાટણના આચાર્ય પી.સી.પટેલ, બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા પાટણના ફેકલ્ટી મુકેશભાઈ ઠાકોર, તેમજ મોટી સંખ્યામાં તરૂણો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ભાઈ બહેનના પ્રેમનો પવિત્ર પર્વ : રક્ષા બંધન ભારત સંસ્કૃતિનો દેશ છે પૌરાણીક કાળથી ભારતીય સંસ્કૃતિમાં વિવિધ તહેવારો ખૂબ ઉલ્લાસ પુર્વક ઉજવાતા હોય છે. જેમાં દિવાળી, હોળી, જન્માષ્ટમી, રક્ષા બંધન સહિત ઘણા બધા તહેવારો ગણી શકાય. શ્રાવણ સુદ પૂનમના દિવસે આવતા રક્ષાબંધનના તહેવાર ને બળેવ કે નારિયેળી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવતો હોય છે.

# ગરદનના મણકાની રેર બીમારીથી પીડાતાં યુવકની જોખમી સર્જરી વિનામૂલ્યે કરાઇ



લાંબા સમયથી ગરદનના મણકાની રેર બીમારીથી પીડાતો વિજાપુરના ટીંટોદણ ગામનો યુવક સ્પાઈન સર્જરી બાદ બીજા જ દિવસે ચાલતો થઇ ગયો હતો. વેન્ટિલેટર અને આઈસીયુમાં ખસેડવા સાથે અતિ જોખમી આ સર્જરીમાં જોખમ ઘટાડવા ન્યૂરોમોનિટરિંગ જેવી જેવી અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો હતો.ટીંટોદણના ૩૨ વર્ષીય અરવિંદભાઈ રાવળ છેલ્લા પાંચેક વર્ષથી ગરદનના મણકાની તકલીફથી પીડાઇ રહ્યા હતા. અગાઉ ગાડીમાંથી પડી જવાથી ખોપડી અને ગરદનના મણકા વચ્ચે અસ્થિરતા સર્જાતાં બંને હાથ અને પગમાં નબળાઈ, શરીરનું બેલેન્સ ના રહેવું, ચાલવામાં તકલીફ પડવી, ખાલી ચડવી, ચક્કર આવવા જેવી અનેક તકલીફો રહેતી હતી. રેર ગણાતી આ બીમારીને લઇ પરિવાર યુવકને લઇ ડૉકટરની સલાહ લીધી. જોકે, ગરીબ પરિવાર માટે ઓપરેશનનો રૂ.૩-૪ લાખનો ખર્ચ કરવો અશક્ય હતો. તેવામાં એક તબીબની સલાહથી વિસનગર નૂતન હોસ્પિટલમાં ઓર્થોપેડીક વિભાગના વડા સ્પાઈન સર્જન અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના પૂર્વ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. જયપ્રકાશ મોદી પાસે આવ્યા. જ્યાં તેમનું યોગ્ય નિદાન કરી ઑપરેશન કરવાનું નક્કી કરાયું. અતિ જોખમી એવી આ સર્જરીમાં જોખમ ઘટાડવા અત્યાધુનિક અને મોંઘી ટેકનોલોજીનો ઉપયોગ કરાયો. અત્યંત જટિલ ગણાતું ઓપરેશન ડૉ. મોદીની ટીમે સફળતાપૂર્વક પાર પાડતાં યુવક ઓપરેશનના બીજા દિવસે જ તકલીફ વગર ચાલતો થયો હતો. ખૂબ મોંઘી અને જટિલ ગણાતી સ્પાઈન સર્જરી આયુષ્માન ભારત યોજના હેઠળ વિનામૂલ્યે કરાઇ હતી.

# ઢોર લાયસન્સ-પરમિટ માટે પાલિકા કાઉન્ટર ખોલશે



હાઈકોર્ટના દિશાનિર્દેશ બાદ રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં રખડતાં ઢોરના ત્રાસ અને નિયંત્રણ માટે જાહેર કરેલી માર્ગદર્શિકાની અમલવારી તબક્કાવાર શરૂ કરવા અ વર્ગની મહેસાણા નગરપાલિકાએ કવાયત હાથ ધરી છે. જેમાં પ્રથમ તબક્કે શહેરમાં કેટલા ઢોરમાલિક અને કેટલી ગાયો છે તે ડેટા જરૂરી હોઇ પશુપાલકોમાં લોકજાગૃતિ કેળવી પશુ રાખવા માટેની પરમિટ અને લાયસન્સ, ઢોર રજીસ્ટ્રેશન નગરપાલિકા કક્ષાએથી જરૂરી પુરાવા આપીને મેળવી લેવા જણાવાશે. આ માટે નગરપાલિકામાં અલાયદા સ્ટાફ સાથે કાઉન્ટરની વ્યવસ્થા પણ કરાશે.શહેરમાં અત્યાર સુધી માલિકીની કેટલી ગાય, આખલા છે તેની વિગતો પાલિકા પાસે નથી. પશુની ઓળખના ટેગ કે આરફીડ ચીપ કરાઇ નથી. હવે સરકારની ગાઇડલાઇન મુજબ દરેક પશુપાલકે તેમના પશુની આરફીડ ચીપ અને ટેગ કરાવી લેવું ફરજિયાત કરાયું છે. નવા લાવતાં ઢોરમાં પણ પાલિકાથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. શહેરમાં ઢોરની સંખ્યા સ્પષ્ટ થાય તો કેટલી ક્ષમતાના ઢોરવાડાની જરૂર પડશે તે મુજબ જગ્યા સંપાદન કરવા સરકારની મંજૂરી લેવાની પ્રક્રિયા થઇ શકે.

આથી નગરપાલિકા સૌપ્રથમ ઢોરમાલિકોમાં લોકજાગૃતિ કેળવી ઢોર રજીસ્ટ્રેશન અને લાયસન્સ માટે કયા પુરાવાની જરૂર રહેશે તેની વિગતો સાથે રજીસ્ટ્રેશનની સત્વરે વ્યવસ્થા શરૂ કરશે. પ્રમુખ વર્ષાબેન એમ. પટેલે કહ્યું કે, સરકારની ગાઇડલાઇનનું પાલન કરાવાશે અને તે માટે જરૂરી વ્યવસ્થાઓ સરકારના માર્ગદર્શન મુજબ ઉપલબ્ધ કરાવાશે. ઉલ્લેખનિય છે કે, પશુપાલકોએ પશુ રાખવાનું લાયસન્સ રૂ.૫૦૦ અને પરમિટ રૂ.૨૫૦ ફી ભરી લેવાની રહેશે. પશુની ઓળખ માટે ચીપ અને ટેગ લગાવવામાં પણ આવશે.શહેરના રસ્તાઓમાં રખડતાં ઢોર નિયંત્રણ માટે સરકારની ગાઇડલાઇન અંગે લોકજાગૃતિ કેળવીશું. ઢોરમાલિકોએ કેવી રીતે રજીસ્ટ્રેશન કરાવવું, લાયસન્સ મેળવવા કયા પુરાવા આપવા તેનાથી અવગત સાથે લાયસન્સ કાઢી આપવા નગરપાલિકામાં સ્ટાફ સાથે અલગ ટેબલની વ્યવસ્થા ટૂંક સમયમાં શરૂ કરાશે. આ પ્રથમ ફેઝમાં કામગીરી પછી ગાઇડલાઇન મુજબ તબક્કાવાર અમલવારી આગળ વધારીશું.। દર્શનસિંહ ચાવડા, ચીફ ઓફિસરમહેસાણા શહેરમાં રખડતાં ઢોર પકડવામાં ગાયદીઠ રૂ.૩૦૦૦ એજન્સીને અને રૂ. ૩૦૦૦ પાંજરાપોળને અનુદાન મળી કુલ રૂ.૬૦૦૦નો ખર્ચ નગરપાલિકાને થઇ રહ્યો છે. જેમાં ૨૧ જુલાઈથી ૨૫ ઓગસ્ટ દરમિયાન શહેરમાંથી ૧૬૫ ગાય અને ૪૯ આખલા મળી ૨૧૪ ઢોર પકડી પાંજરાપોળ હવાલે કરવામાં પાલિકાએ રૂ.૧૨.૮૪ લાખ ખર્ચ કર્યો છે.

# પાટણની કોર્ટે રૂ.૩.૨૦ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદ તેમજ ચેકની રકમની દોઢી રકમનો દંડ ભરવાનો હુકમ કર્યો




પાટણની સેકન્ડ એડિશ્નલ ચીફ જ્યુડીસીયલ મેજિસ્ટ્રેટની કોર્ટે રૂા.૩,૨૦,૦૦૦નાં ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદ તથા ચેકની રકમની દોઢી રકમ રૂા. ૪,૮૦,૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધું ત્રણ માસની કેદ ભોગવવાનો હુકમ કર્યો હતો.આ કેસની મળતી માહિતી મુજબ પાટણની એક સોસાયટીમાં રહેતા વીમા એજન્ટ નિતીનભાઈ પાસે તેમનાં મોટર ડ્રાઈવીંગ સ્કુલનો ધંધો કરવા માંગતા મિત્ર પાટણનાં મહેશભાઈએ રૂા. ૩.૨૦ લાખની રકમ માંગતાં નિતીનભાઈએ પોતાનાં મિત્રને મદદરૂપ થવા માટે એક બેંકમાંથી પર્સનલ લોન લઈને તેમને બે વર્ષમાં ચુકવવાની શરતે આપ્યા હતા જે નાણાં મહેશભાઇ ન ચુકવી શકતાં તેમણે ઉઘરાણી કરતાં મહેશભાઈએ ઓગષ્ટ-૧૮માં રૂા. ૩.૨૦ લાખનો આપેલો ચેક પાછો ફરતાં તેમણે કોર્ટમાં ફરિયાદ કરતાં તેમાં સમાધાન થયા બાદ તે કેસ પાછો ખેંચ્યો હતો. પણ તેઓ પૈસા પરત આપતા ન હોવાથી ઉઘરાણી કરતાં મહેશભાઇ દિલગીરી વ્યક્ત કરીને તેમણે ફેબ્રુઆરી- ૨૦૨૧નો બીજો ચેક આપ્યો હતો. જે ચેક નિતીનભાઈએ ખાનગી બેંકમાં ભરતાં તે અપૂરતા બેલેન્સનાં શેરા સાથે પરત આવતાં નિતીનભાઈએ પોતાનાં વકીલ આર.બી. જોશી મારફત પાટણની કોર્ટમાં નેગોસિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ મુજબ ફરિયાદ કરતાં આ કેસ ચાલી જતાં મેજિસ્ટ્રેટે ૩,૨૦,૦૦૦નાં ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદ તથા ચેકની રકમની દોઢી રકમ રૂા. ૪,૮૦,૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની કેદ ભોગવવાની સજા ફટકારી હતી.

# સરસ્વતીના ૧૫૦ લાભાર્થીઓએ કેમ્પમાં આયુષ્માન કાર્ડ કઢાવ્યા

નાયતા।સરસ્વતી તાલુકાના અજુજા, ભાટસણ, કોઈટા, જંગરાલ,મુના અને દેલવાડા આયુષ્યમાન કાર્ડ કાઢવાનો કેમ્પ યોજાયો હતો. જેમાં પ્રા.આ.કેન્દ્ર ભાટસણ સેજામાં આવતા ગામના ૧૫૦ લોકોએ આયુષ્માન કાર્ડ કઢાવવાનો લાભ લીધો હતો. પીએમ જે એ વાય કેમ્પ દ્વારા ગામના ગરીબ પરિવારોનોને પોતાના ગામમાં આયુષ્માન કાર્ડ મળી રહે તે હેતુથી આયોજન કરાયું હતું. આ પ્રસંગે સમગ્ર



કેમ્પનું આયોજન ડો. હેમલતાબેન પરમાર, પીએચસી સુપરવાઈઝર રોનકભાઈ જોષી દ્વારા કરાયું હતું. જેમાં સીએચઓ, એમપીએચડબલ્યુ, એફએચડબલ્યુ અને આશા વર્કર લાભાર્થીઓમાં જાગૃતિ લાવી કેમ્પ સફળ બનાવ્યો હતો.

# પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ચિલોડા પ્રભારી રાજયોગિની તારાબેન દ્વારા ચિલોડા પોલીસ સ્ટેશનમાં પવિત્ર રક્ષાબંધન



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ચિલોડા પ્રભારી રાજયોગિની તારાબેન દ્વારા ચિલોડા પોલીસ સ્ટેશનમાં પવિત્ર રક્ષાબંધનનું આયોજન કરવામાં આવેલ.

જેમાં ઉપસ્થિત પોલીસ અધિકારીઓ અને પોલીસ જવાનોને રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય સમજાવવામાં આવેલ. તત્પશ્ચ?યાત પોલીસ અધીકારીશ્રી અસારી સાહેબ સહિત સૌને પરમપિતા પરમાત્મા શિવબાબાની ઈશ્વરીય શકિત અને આશીર્વાદયુકત રાખડી બાંધવામાં આવેલ. પ્રભુપ્રસાદથી મુખ મીઠુ કરાવવામાં આવેલ.આ શુભ પ્રસંગે (૧) બીડી/સીગારેટ/ છીંકણી/તમાકુ/ગુટખા/દારૂ/ ડ્રગ્સથી મુક્ત થવાનો, (૨) ક્રોધ/ ઈર્ષ્યા/ અદેખાઈ/જૂઠુ બોલવું/પરચિંતન જેવા દુર્ગુણોથી મુક્ત થવાનો, (૩) પોતાને સરકારનો ભાગ સમજી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવાનો,(૪) અરજદારની મુશ્કેલી સમજી, સહયોગ ભાવનાથી, નિઃસ્વાર્થપણે સંતોષકારક સેવા પુરી પાડવાનો અને (૫) સદા સંસ્થા, સમાજ, રાજ્ય અને દેશને વફાદાર રહેવાનો શુભસંકલ્પ પણ લેવડાવામાં આવેલ.

# ગાંધીનગર ના અલુવાં ગામ માં એક ઘરના માળિયા માંથી ઝેરી કોબ્રા કુનેહ પૂર્વક પકડતા અનિરુદ્ધ સિંહ ચાવડા





ગાંધીનગર જિલ્લાના આલુવાં ગામ માં હસમુખ ઠાકોર ના ઘર ની છાજલી ઉપર ખૂણામાં એક ખતરનાક ઝેરી કોબ્રા સાપ ભરાઈ ગયો હતો.આ બાબતે સાપ પકડવા વાળા સેવા આપતા શ્રી અનિરૂદ્ધ સિંહ ચાવડા નો નંબર સાપ પકડવા ના માહિર ગુરુ કહેવાય તેવા ગાંધીનગર વિધાનસભા માં ફરજ બજાવતા ધર્મેન્દ્ર ભાઈ ત્રિવેદી પાસે મળતા તેમનો ટેલીફોનીક સંપર્ક કરતા અનિરુદ્ધ સિંહ ચાવડા અલુવ ગામે પહોંચતા આવા ખતરનાક ઝેરી કોબ્રા ને પળ વાર માં કુનેહ પૂર્વક પકડી પાડી પ્લાસ્ટિક ની બરણી માં લઈ લેતા ઘરના સર્વે લોકો એ નિરાંત નો શ્વાસ લીધો હતો તેમજ સેવાભાવી શ્રી અનિરુદ્ધ સિંહ નો આભાર માન્યો હતો..

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




: NOG SS No/0044
વિષય:- શ્રાવણનાં સરવૈયા
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:-મોજ
શબ્દો:- ૭૫.

અષાઢમાં વરસ્યો મેહ ધોધમાર, હૈયાં ભીંજવવા ?
હવે તો થાકે ને?
એટલે જ શ્રાવણમાં મેહ આરામનાં મૂડમાં. કયારેક ઝરમર ઝરમર વરસે, એટલે જ તો એને શ્રાવણનાં સરવૈયા કહેવાય.સંતાકૂકડી રમતો હોય એમ મેહુલિયો ઘડીક અમી છાંટણા છાંટે અને ગાયબ.

શ્રાવણ એટલે તહેવાર અને મેળાની ભરમાર. ખેડૂતો પણ ખેતીકામમાંથી પરવાર્યા હોય , મહાદેવની ભક્તિનો લાભ લઈ શકે અને યુવાનોની તો? વાત જ શું કરવી! શ્રાવણનાં સરવૈયા સંગ મોજથી મેળે મ્હાલે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO : 089
વિષય. શ્રાવણના સરવરિયા
શીર્ષક શ્રાવણ આવ્યો
પ્રકાર : પદ્ય
કડકિઆ પ્રવિણા.હ્યુસ્ટન

---

ઝુમ ઝુમ કે ગાઓ

પેલો રંગીલો શ્રાવણ આવ્યો

દિલમાં ઉમંગ લાવ્યો

હૈયે હરખ લાવયો

વર્ષાની રિમઝિમ લાવયો

શ્રાવણના સરવરિયામાં ભીંજાઓ

તહેવારોની ઝડી લાવ્યો

ભાઈ બહેનનો પ્યાર ઉભરાયો

રક્ષાબંધનનું પર્વ લાવયો

શીતળા સાતમ ભેળી આવી

કૃષ્ણના આગમનની ઘડી ગણાઈ

લાલાને લાડ લડાવો

રસભીની મટકી ટીંગાડો

સુંદર દર્શનનો લહાવો માણો

સખી આજ મારો મનગમતો

પેલો શ્રાવણ માસ આવ્યો

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 149
વિષય શ્રાવણનાં સરવરિયા
પ્રકાર પદ્ય
શીર્ષક ધીમી ધારે
શબ્દો ૮૦
નામ પલ્લવી જોષી. સરિતા
વડોદરા

શ્રાવણ આવ્યો મારા આંગણે
વરસાદ લાવ્યો મારા આંગણે.

ઝીણાં ઝીણાં છાંટા પડતા અમથા
એ તો શ્રાવણ ના છે સરવરિયા.

ઘડીક ધીમી ધારે વરસે એ તો
ઘડીક અનરાધાર વરસે જોને.

ગાજવીજને કડાકા ભડાકા સાથે
મેઘરાજની આવે છે અહીં સવારી.

શ્રાવણના સરવરિયા અહીંયા તો
આકાશેથી વરસે જોને ધીમીધારે.

શ્રાવણમાં તો શંકર પૂજા છે વિશેષ
શિવાલયોમાં થાય જોને જળાભિષેક.

રુદ્રાભિષેક નિત્ય દિનરાત થાય
જ્યોર્તિલિંગ રૂપે શંકર અહીં પૂજાય....

# સપ્તાહ દરમિયાન ચાંદીના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૬,૬૫૩ કરોડનું ઓલ ટાઈમ હાઈ દૈનિક નોશનલ ટર્નઓવર નોંધાયું

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૩,૫૫૦નો જંગી ઉછાળો, સોનું પણ રૂ.૫૨૧ તેજ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૩૪ લપસ્યો: કોટન-ખાંડી વાયદામાં રૂ.૯૦૦ની નરમાઈ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૪,૮૩૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩,૯૦,૨૧૩ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૯૯ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૮થી ૨૪ ઓગસ્ટ સુધીના સપ્તાહ દરમિયાન ૬૨,૭૭,૨૯૩ સોદાઓમાં કુલ રૂ.૪,૮૫,૨૫૦.૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૪,૮૩૭.૭૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩,૯૦,૨૧૩.૭૮ કરોડનો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સપ્તાહ દરમિયાન તા.૨૩ ઓગસ્ટને બુધવારના રોજ ચાંદીના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૬,૬૫૩.૫૧ કરોડનાં ૨,૨૭૫.૭૪ ટનનું ઓલ ટાઈમ હાઈ દૈનિક નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૮૮,૮૯૩ સોદાઓમાં રૂ.૫૪,૫૮૯.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૩૭૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૮,૮૯૫ અને નીચામાં રૂ.૫૮,૨૮૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૨૧ વધી રૂ.૫૮,૮૧૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૦૭ ઘટી રૂ.૪૭,૨૪૫ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૫,૮૨૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૯ વધી રૂ.૫૮,૪૩૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૦,૪૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૪,૦૮૪ અને નીચામાં રૂ.૬૯,૯૬૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩,૫૫૦ વધી રૂ.૭૩,૫૬૮ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩,૦૭૬ વધી રૂ.૭૩,૨૫૮ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩,૦૭૧ વધી રૂ.૭૩,૨૬૮ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૦૯,૨૮૦ સોદાઓમાં રૂ.૧૧,૪૪૯.૭૮ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૨૫ના ભાવે ખૂલી, રૂ.૧૦.૧૫ વધી રૂ.૭૩૩.૭૫ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ વધી રૂ.૧૯૭.૫૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨.૬૫ વધી રૂ.૨૧૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૧૫ વધી રૂ.૧૯૮.૩૦ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦ કોઈ ફેરફાર વગર રૂ.૧૮૪.૦૫ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૨.૨૫ વધી રૂ.૨૧૨.૫૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર ૭,૬૬,૦૩૭ સોદાઓમાં રૂ.૨૮,૫૫૭.૪૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૬૬૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૯૮ અને નીચામાં રૂ.૬,૪૨૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૩૪ ઘટી રૂ.૬,૫૨૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧૨૮ ઘટી રૂ.૬,૫૨૧ બંધ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૮ના ભાવે ખૂલી, રૂ.૯ ઘટી રૂ.૨૦૯.૯૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૯.૧ ઘટી ૨૧૦.૧ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન, એમસીએક્સ ખાતે રૂ.૨૪૧.૦૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૯૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૦,૩૪૦ અને નીચામાં રૂ.૫૮,૯૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૯૦૦ ઘટી રૂ.૫૯,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૯.૮૦ વધી રૂ.૯૪૫.૭૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫,૧૯૭.૯૩ કરોડનાં ૨૫,૯૬૨.૭૯૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૯,૩૯૧.૫૪ કરોડનાં ૫,૪૩૨.૩૩૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૮,૦૬૭.૨૮ કરોડનાં ૧,૨૨,૦૮,૧૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨૦,૪૯૦.૧૯ કરોડનાં ૯૪,૯૪,૦૫,૭૫૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૭૬૦.૭૩ કરોડનાં ૮૮,૭૪૮ ટન, સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૯૯.૬૬ કરોડનાં ૧૬,૧૯૦ ટન, તાંબાના વાયદાઓમાં રૂ.૫,૭૫૭.૯૭ કરોડનાં ૭૮,૭૭૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩,૬૩૧.૪૨ કરોડનાં ૧,૭૧,૫૬૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૬૭.૮૩ કરોડનાં ૧૧,૩૭૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૭૩.૨૪ કરોડનાં ૧૭૩૫.૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૪૦૭.૯૮૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૧.૬૪૧ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૨૯૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૫,૮૯૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૪૩૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૨,૩૪૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭,૧૨,૧૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૯૫,૬૭,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૪,૨૦૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૫૧૦.૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૯૮.૬૩ કરોડનાં ૨૫૨૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૩૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૬૧૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૮૯૫ અને નીચામાં ૧૫,૫૮૧ બોલાઈ, ૩૧૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૬૮ પોઈન્ટ વધી ૧૫,૮૪૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩૯૦૨૧૩.૭૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૪૯૫.૫૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૫૭૮૦.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૯૪૫૨.૯૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૨૩૮૭.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

# બ્રહ્મસમાજના અપમાન બદલ રમેશચંદ્ર ફેફરનું મોં કાળું કરનારને હેમાંગ રાવલ તરફથી ૧૧,૦૦૦/- નું ઈનામ.

સૌ સુખી રહે, સૌ રોગમુક્ત રહે, સૌનું જીવન મંગલમય રહે અને કોઈ દુ:ખમાં ભાગી ન બને. હે ભગવાન અમને એવું વરદાન આપો!... વિશ્વ કલ્યાણની ભાવના સાથે ચાલનાર એટલે બ્રાહ્મણ. જે પોતાનું નહિ વિશ્વનું કલ્યાણ થાય તેવું વર માંગનાર એટલે બ્રાહ્મણ. બ્રાહ્મણનું અપમાન એટલે સમગ્ર વિશ્વનું અપમાન ગણાય છે તેવું શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે.



રક્તપિત્ત નાં દર્દીઓ સાથે સ્વાવલંબન ટ્રસ્ટ તથા લાયન્સ ક્લબ સમવેદના ,જૈન એલર્ટ ગ્રુપ ઓફ ઈન્ડીયા ના સંયુક્ત ઉપક્રમે રક્ષા બંધનની ઊજવણી કરવામાં આવી. ઉપરાંત રક્તપિત્ત દર્દીઓને જીવન જરૂરી ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ફોટો: (પ્રકાશ ભટ્ટ , જોષીપુરા)

પોતાને ભગવાન શ્રી કલ્કિનો અવતાર ગણાવીને જેમણે પહેલાં જ દેવી - દેવતાઓનું અપમાન કર્યું છે તેઓએ હવે પવિત્ર શ્રાવણ માસમાં બ્રાહ્મણોનું અને ભગવાન વિષ્ણુના અવતાર શ્રી પરશુરામનું પણ ઘોર અપમાન કર્યું છે. રમેશચંદ્ર ફેફરના આ દુષ્કૃત્ય બદલ બ્રહ્મસમાજમાં રોષની જ્વાળા ઉઠી છે અને આ અપમાનને બ્રહ્મસમાજ કદી નહિ ભૂલે તે નક્કી છે. સાંસ્કૃતિક અસ્મિતાના વાહક, માતા સરસ્વતીના ઉપાસક એવાં ભૂદેવો યુગો યુગોથી ધર્મ અને જ્ઞાનનો ફેલાવો કરી રહ્યાં છે, સાથે જ ચિરંજીવ આરાધ્યદેવ ભગવાન પરશુરામનો અનાદર તે સમગ્ર બ્રહ્મ તેજનો અનાદર છે.રમેશ ફેફર માનસિક બિમારીથી પીડાતા હોય તેવું લાગી રહ્યું છે અને તેથી જ સનાતન ધર્મને બદનક્ષીથી બચાવવા માટે રાજકોટના ખ્યાતનામ ન્યુરોસર્જન ડૉ. હેમાંગ વસાવડાએ જાહેર કર્યું છે કે તેઓ રમેશભાઈની સારવાર તદ્દન નિ:શુલ્ક કરશે. આ અનાદર સામે ન્યાયિક કાનૂની પગલાં લેવામાં આવશે અને સાથે જ બ્રહ્મ અગ્રણી તરીકે હું જાહેર કરું છું કે જે વ્યક્તિ રમેશ ફેફરનું મોં કાળું કરશે તેઓને સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ટ્રસ્ટી શ્રી હેમાંગ રાવલ તરફથી ૧૧,૦૦૦/- ઈનામ સ્વરૂપે આપવામાં આવશે.



લખપત તાલુકાના દયાપરથી ત્રણ કિલોમીટર દુર કમલેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન શિવાલય આવેલું છે. આ મંદિરની વિશેષતા એ છે કે મંદીરની બીલકુલ સામે થોડે દુર એક કલ્પવૃક્ષ આવેલું છે જે એક હજાર કરતા પણ વધારે વર્ષ જુનું હોવાનુ કહેવાય છે.આવા કલ્પવૃક્ષ ભારતમાં માત્ર બે જ જગ્યામાં આવેલા છે એક અહીં તેમજ બીજું હિમાલયમાં આવેલુ હોવાનો ઉલ્લેખ છે. આ વૃક્ષમાં જો કોઈ પણ જાતના પ્રહાર કરવામાં આવે તો એમાંથી લોહી નીકળતું હોય એવા લાલ રંગનું પ્રવાહી નીકળે છે થી શ્રાવણ માસ દરમિયાન અહીં દુર દુરથી મોટી સંખ્યામાં ભાવિક ભકતો ઉમટી પડે છે.ભજન કીર્તન, મહા આરતી સહિત ના કાર્યક્રમો યોજવામાં આવે છે.

તસવીર અને અહેવાલ ,મહેશ સોની (નખત્રાણા)

# જય રણછોડ,માખણચોર તારો પાનસો નો થયો મોલ,ડાકોરના ઠાકોર, લે પાનસો ને દરવાજા ખોલ

(બદલાયેલું ભજન -વ્યંગ રાજેશ ઠાકર)

દર્શન કરવા જાઓ ત્યારે પગારખા ની સાથે દંભ, મદ, પદ અને પૈસો પણ મંદિરની બહાર ઉતારી દેનાર ભક્તોને વીઆઈપી સ્ટેટસ સાથે ઠાકોરજી સમક્ષ હાજર થવાની તક ડાકોર મંદિર ટ્રસ્ટે આપી છે. ભગવાનને પણ સામાન્ય ભક્તો અને વિશેષ ભકતો વચ્ચેનો ભેદ પારખી આશીર્વાદ આપવામાં સરળતા રહે એવો અભિગમ પણ આ નિર્ણય પાછળ હોઈ શકે. મંત્રીઓ નો કાફલો નીકળે અને ટ્રાફિકજામ માં અટવાઈ જતાં વીઆઈપી સ્ટેટસ સામે ઈર્ષાયુક્ત બળાપો કાઢતા સામાન્ય પ્રજાજનો ને ખાલી પાંચસો ની એક નોટ ખર્ચી વીઆઈપી હોવાનો અહેસાસ કરાવવા ડાકોર મંદિર ટ્રસ્ટે લીધેલો નિર્ણય સામાન્ય બુદ્ધિના પ્રજાજનો સમજી નથી શક્યા. ફિલમની કે ક્રિકેટ મેચની ટિકિટ બ્લેકમાં ખરીદનારાઓ વ્હાઈટમાં વીઆઈપી ભક્ત થવામાં બુમરાણ કરી ભક્તિ માર્ગથી વિભક્ત થઈ થઈ રહ્યા છે.

વીઆઈપી શ્રેણીમાં સ્થાન બદલ માત્ર પાંચસો જેટલી મામૂલી રકમ નક્કી કરાઈ હોવા છતાં સનાતન વિરોધીઓ આને વેપાર કહી વખોડી રહ્યા છે.પરંતુ હકીકતે આ વેપાર નહીં વ્યવહાર છે.જેમ ઝડપથી સરકારી કામ કઢાવવા કંઈક ને કંઈક ચૂકવવું પડે છે એમજ ઉપરવાળા ની સરકાર પાસે પણ ઝડપથી અરજી પહોંચાડવા થોડો ખર્ચ કરવો પડે તો એને વ્યવહારની વ્યાખ્યામાં જ મુકવો જોઈએ. ત્યાં વાંધો નથી તો અહીં શેનો વાંધો છે?,એવી સનાતની દલીલ નો છે કોઈ જવાબ?

હા, વીઆઈપી બનવા પુરુષ ભક્તો ના પાંચસો અને સ્ત્રીઓ ના અઢીસો ગળે નથી ઉતરતા. આપણે સ્ત્રીઓ ને પુરુષ સમકક્ષ જ માનતા હોઈએ તો એ બન્ને વચ્ચેના સ્ટેટસ ખરીદી ભાવમાં પચાસ ટકાનું અંતર કેમ? ટ્રસ્ટ સ્ત્રીઓને અડધી વીઆઈપી છે જ એમ સમજી અડધી કિમંત આંકે છે કે આર્થિક દયા ખાય છે એ સ્પષ્ટ થતું નથી. કોઈ મહિલા મંડળે મંદિર ટ્રસ્ટ પાસેથી આનો ખુલાસો માંગવો જોઈએ. કદાચ કૃષ્ણને ગોપીઓ વ્હાલી હતી એટલે વ્હાલનું ડિસ્કાઉન્ટ આપ્યું હોઈ શકે.

ડાકોરના ટ્રસ્ટીઓની માન્યતા મુજબ ઠાકોરજી બપોરે બાર થી ચાર અને સાંજે સાડા સાત પછી શયન કરતાં હોય છે. મતલબ આપણા વડાપ્રધાનની જેમ દિવસના વીસ કલાક હાજરાહજુર નથી હોતા. તો ઓછા સમયમાં વધું ભક્તોની ભીડ વચ્ચે ધક્કા ફ્રી દર્શનની વ્યવસ્થા કરી એમાં ખોટું શું છે? ખરેખર તો મહા મુશ્કેલીએ દર્શન આપતાં મંત્રીઓ, ધારાસભ્યો કે સંસદ સભ્યોએ પણ ડાકોર મંદિર ટ્રસ્ટથી પ્રેરણા લઈ એમને મળવાની વીઆઈપી વ્યવસ્થા ના રેટ જાહેર કરવા જોઈએ.

ભગવાનની સામે બધા સરખા, કોઈ વીઆઈપી નથી હોતું એવા ભ્રમ ફેલાવનાર અસનાતનીઓ હિન્દુ મંદિરના વિકાસ અને સમૃદ્ધિ ના વિરોધીઓ છે.

મારા મતે વીઆઈપી ચાર્જ ઘણો ઓછો છે. ટ્રસ્ટ પાંચ થી પચાસ હજાર વસૂલી ભક્તોની ભક્તિની આકરી કસોટી કરી શકત. હવે ભારતમાં તૈયાર થયેલ એક વિશેષ ભક્ત સમુદાય પાંચ હજારમાં પેટ્રોલ પુરાવી રાર્ષ્ટ્રભક્તિ સાબિત કરવા તૈયાર હોય ત્યારે ડાકોર ના ઠાકોર માટે તો કંઈ પણ કરી જ શકે. ભક્તો ની લેવાઈ રહેલ આકરી રાજકીય પરીક્ષાઓ સામે ડાકોર મંદિરે કાઢેલું પેપર ઘણું સસ્તું અને સહેલું છે.

ભક્તિ નો મારગ છે શુરાનો...એ સમજો તો સનાતની બાકી????

★રાજેશ ઠાકર★

# એમપી ટુરિઝમએ ગાંધીનગરમાં આયોજિત ત્રિ-દિવસીય ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર ૨૦૨૩માં ટૂરિઝમ પ્રોડક્ટ દર્શાવી



અમદાવાદ, ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ – મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડે ગાંધીનગરમાં આયોજિત ત્રિ-દિવસી ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ ફેર(ટીટીએફ) - ૨૦૨૩માં ભાગ લીધો હતો. જે ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર ખાતે ૨૩ થી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ દરમ્યાન થયો હતો. આ ગુજરાત તથા દેશના પ્રમુખ ટ્રાવેલ ટ્રેડ ફેરમાંથી એક છે. ટીટીએફ એ સેક્ટરમાં શક્યતાઓને આગળ વધારવા માટે નોંધપાત્ર બીરબી સંપર્કો બનાવીને પ્રવાસ-સંબંધિત આંતરદષ્ટિ અને તકો શેર કરવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પ્રદાન કરે છે. એમપી ટૂરિઝમ દ્વારા ટીટીએફ ૨૦૨૩માં ટુરિઝમની વિવિધ પ્રોડક્ટ રજુ કરી હતી અને વિવિધ પ્રવાસન સ્થળો તથા એમપી ટુરિઝમ દ્વારા અગામી સમયમાં આયોજિત થનાર મેગા ઈવેન્ટોની માહિતી શેર કરી હતી.

અગ્ર સચિવ પ્રવાસન અને સંસ્કૃતિ વિભાગ, મધ્યપ્રદેશ સરકાર અન મેનેજિંગ ડિરેક્ટર, મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડ શ્રી શિવ શેખર શુક્લાએ જણાવ્યુ હતું, ટીટીએફ એ ભારતમાં આયોજિત થનાર ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર પૈકીના સૌથા મોટા ઈવેન્ટમાંથી એક છે, જ્યાં અમે મધ્યપ્રદેશની વિવિધ ટુરિઝમ ઉત્પાદનો તથા પ્રવાસન સ્થળો અને બોર્ડ દ્વારા આયોજિત મેગા ઈવેન્ટોની માહિતી રાજ્ય તથા દેશના વિવિધ પ્રવાસ ઉત્સાહીઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો, સ્થાનિક બજેટ પ્રવાસીઓ અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આપી હતી. આવા મેગા ઈવેન્ટોમાં એમપી ટુરિઝમ બોર્ડ રાજયના રાજયના દરિયાકિનારા, ક્રૂઝ ટુરિઝમ, વોટર સ્પોર્ટ્સ, એડવેન્ચર ટુરિઝમ, ધાર્મિક પર્યટન અને વેલનેસ ટુરિઝમ ડેસ્ટિનેશન્સથી માંડીને મધ્યપ્રદેશના મોહક પ્રવાસ સ્થળોનું પ્રદર્શન કરી શકશે.

મધ્યપ્રદેશ બે જ્યોર્તિલિંગ, ઓમકારેશ્વર અને મહાકાલેશ્વરનું ઘર છે. ખજુરાહો, ભીમબેટકા અને સાંચીની યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ સહિત અસંખ્ય સાંસ્કૃતિ અને ઐતિહાસિક વારસા મધ્યપ્રદેશના પ્રતિષ્ઠિત સ્થળો છે. ગ્વાલિયર અને માંડુ જેવા ઐતિહાસિક નગરો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેઝ સાઈનટ્સની સુચિત યાદીમાં સમાવિષ્ઠ છે, જયારે ઈન્દિરા સાગર, ગાંધી સાગર, તવા અને બરગી એ જાદુઈ જળાશયો છે. રાજયમાં ૬ ટાઈગર રિઝર્વ પાર્ક, ૧૨ રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૨૪ વન્યજીવ અભયારણ્ય સાથે અસંખ્ય વન્યજીવન હોટસ્પોટ્સ છે. મધ્યપ્રદેશ હવે વાઘની સંખ્યામાં ટોચ પર છે, તેની પાસે ૭૮૫ વાઘ છે. મધ્ય પ્રદેશ પાસે વાઘ રાજ્ય, દિપડા રાજ્ય, વરુ રાજ્ય, ગીધ રાજ્ય અને ઘડિયાલ રાજ્ય તરીકે નો દરજ્જો છે. ચિત્તાના પુનઃપ્રાપ્તિના ૭૨ વર્ષ પછી, એમપી હવે ભારતનું ચિત્તા રાજ્ય પણ છે.




# ભારતીય જનતા પાર્ટીની સરકારમાં રૂ. ૩,૯૦૦ કરોડના ભયમુક્ત ભ્રષ્ટાચાર

ભાજપ સરકાર દ્વારા રૂ. ૩,૯૦૦ કરોડના ભ્રષ્ટાચારના દસ્તાવેજી પુરાવાઓ સાથે પત્રકાર પરિષદમાં પર્દાફાશ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતુ કે, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ભયમુક્ત ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. માનીતા ઉદ્યોગપતિઓને માલામાલ કરવા માટે ગુજરાતની જનતાની તિજોરીની ખુલ્લી લૂંટ ભાજપના શાસનમાં ચાલી રહી છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (ંફ્દ્વન) દ્વારા વીજળી ખરીદી માટે પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ (ૅછ) અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ સાથે કરવામાં આવ્યો હતો. આ પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ મુજબ જે એનર્જી ચાર્જીસ એટલે કોલસાની ખરીદીની કિંમત પર અદાણી પાવર મુન્દ્રા લિમિટેડને પૈસા આપવા માટેની સ્કીમ બની હતી તે મુજબ અદાણી પાવર દ્વારા ખરીદાયેલા કોલસાના બીલો સ્પર્ધાત્મક રીતે ખરીદ્યા છે તેના ડોક્યુમેન્ટ્સ અને પારદર્શિતા દર્શાવતા તમામ પેપર રજુ કરવામાં આવે અને ત્યારબાદ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તેની ચકાસણી કરે અને તેની સરખામણી છઈ્ંજી (કોલસાનો આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ નક્કી કરતી સંસ્થા)નો જે ભાવ હોય તેની સરખામણી બાદ જો અદાણીએ ખરીદેલ કોલસો ઓછી કિંમતનો હોય તો તેને ધ્યાને લેવાનું અને જો છઈ્ંજીના ભાવ ઓછા હોય તો તેને ધ્યાને લઈને જ અદાણીને પૈસા મળે એવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં વર્ષ ૨૦૧૮ થી લઈ વર્ષ ૨૦૨૩ સુધીના પાંચ વર્ષના ગાળા દરમિયાન અદાણીને રૂ. ૧૩,૮૦૨ કરોડ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા, જ્યારે ખરેખર અદાણીને મળવાપાત્ર રૂ. ૯,૯૦૨ કરોડ જ થતા હતા, એટલે રૂ. ૩,૯૦૦ કરોડ વધારે અદાણીને ચૂકવી દેવામાં આવ્યા. જ્યારે હિન્ડનબર્ગનો રિપોર્ટ આવ્યો, સુપ્રીમ કોર્ટ તપાસની કમિટી બનાવતી હતી અને સેબીની ઈન્કવાયરી શરૂ થવામાં હતી તેમજ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (ત્નઁઝ) પણ વિરોધ પક્ષે માંગી ત્યારે અધિકારીઓએ આ મોટા ભ્રષ્ટાચારમાં પોતાને તકલીફ ન ઊભી થાય તે માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડે અદાણી પાવર મુન્દ્ર લિમિટેડને પત્ર લખીને કહ્યું કે, વારંવાર માંગણી કરવા છતાં અદાણી પાવર દ્વારા ખરીદાયેલ કોલસાના બિલો આપવામાં આવતા નથી, સ્પર્ધાત્મક ભાવ અંગેના કે પારદર્શિતા અંગેના ડોક્યુમેન્ટ્સ આપવામાં આવતા નથી અને માત્ર ચોક્કસ લોકો પાસેથી ઊંચા ભાવે કોલસો ખરીદ્યાની વાત કરીને રૂ. ૧૩,૮૦૨ કરોડ સરકાર પાસેથી લીધા છે.

કરાર મુજબ છઈ્ંજીના ભાવ ધ્યાને લેતા અદાણીને ખરેખર વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૩ સુધીમાં મળવાપાત્ર રૂ. ૯,૯૦૨ કરોડ જ થાય છે, એટલે કે રૂ. ૩,૯૦૦ કરોડ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડે અદાણીને વધારે ચૂકવી દીધા છે અને તે પરત આપી દેવા પત્ર લખી નાંખ્યો. હકીકતમાં આ એક મોટું કૌભાંડ ચાલતું હતું અને જ્યારે તપાસ થશે તેવી બીક લાગી ત્યારે માત્ર પત્ર લખી નાખવામાં આવ્યો છે. આ રીતે ચૂકવાયેલ નાણાંનો બોજ આખરે ગુજરાતમાં વીજળીનો ઉપયોગ કરનારા ગુજરાતીઓના માથે ઝીકાયો છે. માનીતા ઉદ્યોગપતિઓને માલામાલ કરવા માટે ગુજરાતીઓને મોંઘી વીજળી ખરીદવી પડે તેવો ઘાટ ભાજપ સરકારે ઉભો કર્યો છે. વગર બિલો મેળવ્યે અને છઈ્ંજીના ભાવ કરતાં વધારે રકમ કોના કહેવાથી ચૂકવી આપવામાં આવી ? રૂ. ૩,૯૦૦ કરોડ વધારે ચૂકવી દીધા તેનું વ્યાજ અદાણી પાસેથી વસુલ કરવાનું શા માટે નથી લખાયું ? આ એક પ્રકારનું મની લોન્ડરીંગ છે ત્યારે ઈ.ડી., સી.બી.આઈ. અને સેબી કેસ દાખલ કરીને કેમ તપાસ કરતી નથી ? પાંચ વર્ષ સુધી કોઈપણ જાતના બિલો વગર કોના કહેવાથી અદાણીને કરોડો રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા ? અત્યાર સુધીમાં અદાણી પાસેથી કેટલા રૂપિયા વસૂલ કરવામાં આવ્યા ? ૩૯૦૦ કરોડના ભયમુક્ત ભ્રષ્ટાચારમાં કોણ કોણ સામેલ છે? અને કોના કહેવાથી આટલી મોટી રકમ મળતીયા કંપનીને આપી દેવામાં આવી આ તમામ સવાલો અંગે તે અંગે તટસ્થ તપાસ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

# ખારીઘારીયાલ ગામે વીજળીના થાંભલા ઉપર ઝાડી ઝાંખરા - વેલાઓ થી અકસ્માતની ભીતી

ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે યુ.જી.વી.સી.એલ.ની પ્રી-મોન્સુન સામે સવાલો ઊભા થયા છે. પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે સેઢાલ જવાના રોડ ઉપર ગોગા મહારાજના મંદિરની સામે બોરવેલ ની લાઈનમાં ચાર થી પાંચ થાંભલા ઉપર ઝાડી જાખર તેમજ વેલાનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. બાજુમાં ઘરોમાં જતી લાઈન પસાર થાય છે. કોઈ મોટી દુર્ઘટના ઘટે તે પહેલા ચાણસ્મા યુ.જી.વી.સી. એલ. દ્વારા મેન્ટેનન્સ કામ હાથ ધરી આ થાંભલાઓ ઉપરથી વેલા દૂર કરવા માંગ ઉઠી છે.

રિપોર્ટર- નિખીલ જોષી
પાટણ બ્યુરો






# અમર ગીતોના અમર ગાયક કલાકાર મુકેશને આ જન્મશતાબ્દી વરસમાં ભુલવા જેવા નથી

૨૨ મી જુલાઈ ૧૯૨૩ મા દિલ્હીમાં જન્મેલા મુકેશચન્દ્ર જોરાવરસિંહ માથુરનું આ જન્મશતાબ્દી વરસ છે .મુકેશની ગણના હિંદી ફિલ્મોના સૌથી વધુ લોકપ્રિય ગાયકોમાં થાય છે

મુકેશે સુનિલદત મનોજકુમાર દિલીપકુમાર રાજકપુર રાજેશખન્નાથી માંડીને અમિતાબ બચ્ચન સુધીના કલાકારોને પોતાનો અવાજ આપ્યો છે

મુકેશનો જન્મ દિલ્હીમાં હિંદુ કાયસ્થ પરિવારમા જોરાવરસિંહના ઘરે થયો હતો મુકેશ તેમના પિતાના દસ સંતાનોમા છઠા હતા

મુકેશને બહેનના લગ્નમાં ગીતો ગાતા જોઈ અભિનેતા મોતીલાલ તેમને મુંબઈ લઈ આવ્યા

તમને જાણીને નવાઈ લાગશે કે મુકેશને અભિનેતા બનવું હતું પણ ગાયક કલાકાર બની ગયા

મોતીલાલની ભલામણથી ૧૯૪૧ ફિલ્મ નિર્દોષમા મુકેશને મુખ્ય કલાકાર તરીકે કામ કર્યું હતું ૧૯૪૫ મા આવેલી પહેલી નજર ફિલ્મમા મુકેશને પ્રથમવાર ગીત ગાવાની તક મળી હતી ગીત હતું દીલ જલતા હે તો જલને દો.જેમાં



મોતીલાલે કામ કર્યું હતું

નિર્દોષ ફિલ્મમા મુકેશના હિરોઈન હતા નલિની જયવંત રાજકપુરની મુખ્ય ભુમીકાવાલી આહમાં મુકેશે મહેમાન કલાકાર તરીકે કામ કર્યું હતું

૧૯૫૬ની અનુરાગમા મુકેશ અભિનેતા ઉપરાંત સહનિર્માતા અને સંગીતકાર પણ હતા ૧૯૫૭મા આવેલી મલ્હારના નિર્માતા પણ મુકેશ જ હતા

૧૯૭૬ ની ૨૭મી ઓગસ્ટના દિવસે અમેરિકાના ડેટ્રોઈટ શહેરમાં મુકેશ સ્ટેજ કાર્યક્રમમા મુકેશ ગીત રજુ કરી રહ્યા હતા એક દીન બીક જાયેગા અને અચાનક હાર્ટ એટેક આવતા મુકેશે આ ફાની દુનિયા છોડી ૨૮ મી ઓગસ્ટના દિવસે બૉલીવુડના દિગ્ગજોની હાજરીમા મુકેશની અંતિમ યાત્રા નીકળી.

મુકેશના યાદગાર ગીતોમાં મેરા જૂતા હે જાપાની ૨ યે મેરા દીવાનપન ઉકિસી કી મુસ્કુરાહતો પે હો નિસાર ૪ ઓ જાનેવાલે હો શકે તો ૫ દોસ્ત દોસ્ત ના રહા ૬ જાને કહા ગયે વો દીન ૭ મેને તેરે લિયે ૮ ઈક દીન બીક જાયેગા ૯ મે પલ દો પલ કા શાયર હું ૧૦ દીવાનો સે યે મત પૂછો ૧૧ કોઈ જબ તુમ્હારા હ્રદય તોડ દે ૧૨એક પ્યાર કા નગમાં હે ૧૩ કભી કભી મેરે દીલમે ૧૪ જીસ ગલિમે તેરા ઘર ૧૫ ચંદન.સા બદન છે

મુકેશે ગુજરાતી ગીતો પણ ગાયા છે જેમાં જીગર અને અમી ફિલ્મનું સાજન મારી પ્રીતડી

નીલગગનના પખેરું ફિલ્મના ટાઇટલ ગીત અને નજરના જામ છલકાવીને આજે પણ સિનેરસીકો ગણગણે છે

પંખીડાને આ પીંજરું જૂનું જૂનું લાગે

મુકેશ તેમના યાદગાર અમર ગીતો માટે હંમેશા સિનેરસીકોના મનમા હ્રદયમાં મસ્તિકમા રહેશે.

અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત

# રાખડી ભાઈ બહેનના સ્નેહનું પ્રતીક

આપણાં સમાજમાં રક્ષાબંધનના પર્વનો અનેરો મહિમા છે. કારણકે એકજ ઘરમાં ઉછરેલાં ભાઈઓ મોટા થતાં પોતાની નોકરી કે કામ ધંધા ઉપર લાગી જાય છે, જ્યારે બહેનો પરણીને સાસરે જાય છે. એકજ ઘરમાં એકજ સાથે ઉછરેલાં ભાઈઓ અને બહેનો વચ્ચે એક વિશેષ નાતો બંધાઈ જાય છે. મોટા થયાં પછી બહેન સાસરે હોવાથી ભાઈ બહેનને એકબીજા સાથે મળવાનું ઓછું બને છે તેથી ભાઈ બહેનનો નાતો અને સંબંધ અતૂટ રહે તે હેતુથી સદીઓથી રક્ષાબંધનનું પર્વ મનાવવામાં આવે છે. આપણાં શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે સૌ પ્રથમ યમરાજાની ભગિની યમી (હાલની યમુના નદી) એ પોતાના ભાઈ યમરાજને રાખડી બાંધી હતી. રક્ષાબંધનના દિવસે બહેન પોતાના ભાઈના હાથે રાખડી બાંધીને ભાઈના જીવનની રક્ષા તથા મંગલમય ભાવિની કામના કરી ભાઈના ઓવારણાં લ્યે છે.તો સામે પક્ષે ભાઈ પણ બહેનની પડખે ઉભા રહી, મુસીબતમાં બહેનને મદદ કરવાનું તથા રાખડીની લાજ નિભાવવાનું વચન આપે છે અને યથાશક્તિ વીરપસલી (ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ) આપે છે. રાખી એ ફક્ત સૂતરનો તાર કે ધાગો નથી, પરંતુ ભાઈ બહેનના સ્નેહનું પવિત્ર બંધન છે. એટલે જ એક બહેન પોતાના ભાઈને કહે છે કે " ઈસે સમજો ના સૂતર કા તાર ભૈયા, મેરી રાખી કા મતલબ હે પ્યાર ભૈયા".

વીરાની બહેન ગમે તે સ્થળે ગમે એટલી દૂર વસી હોય, પરંતુ રક્ષાબંધનના દિવસે પોતાના વીરાને રાખડી બાંધવા જરૂરથી આવે છે અને સંજોગોવસાત રૂબરૂમાં આવી ન શકાય તો પોષ્ટ કે કુરિયર મારફત ચોક્કસ પોતાના ભાઈને રાખડી મોકલાવે છે. જે ભાઈને બહેનડી નથી એને જ રાખડીનું મૂલ્ય શું છે એ સમજાય છે. રાખડી એ બહેનનો એનાં ભાઈ પ્રત્યેનો સ્નેહ, લાગણી અને વિશ્વાસ છે. રાખડી આમ જોવા જાવ તો માત્ર એક ધાગો કે સૂતરનો તાર જ છે, પરંતુ એનું મૂલ્ય અમૂલ્ય છે. રાખડીનું કોઈ મૂલ્ય કે દામ આંકી શકાય નહીં. માત્ર આ સૂતરના ધાગામાં બહેનનો ભાઈ પ્રત્યેનો અપાર પ્રેમ,લાગણી અને અતૂટ વિશ્વાસ જોડાયેલા છે. કહેવાય છે કે દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણને રાખી બાંધી હતી અને પ્રભુએ ભરસભામાં દ્રૌપદીની લૂંટાતી લાજ બચાવીને રાખડીનું કર્જ અદા કર્યું હતું. કુંતા માતાએ પોતાના પૌત્ર એવા અભિમન્યુની રક્ષા કરવા કાજે અમર રાખડી બાંધી હતી. મેવાડની રાણી કર્માવતીએ પણ મેવાડની રક્ષા કરવા મોગલ બાદશાહ હુમાયુને રાખડી મોકલાવી હતી. આમ રક્ષાબંધનનો મહિમા યુગો પુરાણો (જૂનો) છે અને જ્યાં સુધી પૃથ્વી જીવંત છે ત્યાં સુધી ભાઈ બહેનનો સ્નેહ અતૂટ રહેશે અને વીરાના હાથે રાખડી બંધાતી રહેશે. રક્ષાબંધનને બળેવ તથા નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે. બળેવના દિવસે બ્રાહ્મણો સમૂહમાં એકઠાં થઈ નદી કિનારે જઈ સ્નાન કરી, પૂજા અર્ચના તથા ગાયત્રી મંત્રોચ્ચાર કરી સૂરજદેવની સાક્ષીમાં જૂનું યજ્ઞોપવિત કાઢી નવું યજ્ઞોપવિત ધારણ કરે છે. યજ્ઞોપવિતને જનોઈ બદલવી એવું પણ કહેવાય છે. યજ્ઞોપવિત પણ રાખડીની જેમ ત્રણ તારનો કે છે તારનો ધાગો જ છે, પરંતુ એ દરેક બ્રાહ્મણોનું આભૂષણ છે, બ્રાહ્મણોની ઓળખ છે અને બ્રાહ્મણોનું ગૌરવ છે. તો બીજી તરફ દરિયાખેડૂઓ પોતાની નાવ, હોડી, નાનાં હોડકાં વિગેરે દરિયા કિનારે લાંગરી દરિયામાં શ્રીફળ, ચુંદડી તથા કંકુ અર્પણ કરીને સાગરદેવની પૂજા કરે છે. આમ ત્રણ પર્વો એકજ દિવસે મનાવાય છે. માટે રક્ષાબંધનનો પવિત્ર દિવસ દરેક રીતે આગવું, અદકેરું અને મહત્વનું સ્થાન ધરાવે છે.

યોગેશભાઈ આર જોષી

# અમદાવાદ ખાતે આઈક્રેટેજી દ્વારા ૧૦૦ જેટલા ડ્રગ ખાતા ના અધિકારી માટે લીડરશીપ કાર્યક્રમ યોજાયો

ફાર્માસ્યુટીકલ કન્સલટનસી , આઈક્રેટેજી સોલ્યુશન ચૈ ઝ્રીીંષ્ઠ જીઙ્મેંર્ૈહ્ના ફાઉન્ડર અને સીઈઓ શ્રી અલ્પેશ પટેલ અને એફડીસીએ ચહ્વઙ્ઘઝ્રછ઼ ગુજરાત ના કમિશ્નર શ્રી હેમંત કોશિયા ના નેતૃત્વ હેઠળ અમદાવાદ ખાતે ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ વિભાગ ના અધિકારીઓ માટે લીડરશિપ ચનીઙ્ઘ ઉૈંર્ંહ્ વર્કશોપ યોજાયો હતો. જેનો મુખ્ય ધ્યેય ઇન્ટિગ્રીટી ચૈં હીપ્નૌંએ એટલે કે ર્ઢ રી ષ્પિરં રૈહષ્ઠ્ રીહ ર્હ્ીહી ૈજ્ ઙ્ઘંજરૈહષ્ઠ્ હતો. જેમાં રાજ્યભર માંથી વર્ગ - ૧ અને વર્ગ-૨ ના ૧૦૦ થી વધારે અધિકારીઓ હાજર રહ્યા હતા . આઈક્રેટેજી સોલ્યુશન દ્વારા આ વોલિયેન્ટરી સર્વિસ આપવામાં આવી હતી જેમાં એફડીસીએના ૧૧ જેટલા અધિકારીઓએ ૧૧ જેટલા અલગ અલગ વિષયો પર મોટિવેશનલ પ્રેઝન્ટેશન કર્યું હતું.

સૌ પ્રથમ વાર એફડીસીએ દ્વારા આવા લીડરશીપ વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું . આ વર્કશોપથી અધિકારીઓ ના મોરલ અને સ્પિરીચ્યુઅલ લેવલ માં વધારો થશે અને આના થકી તંત્ર દ્વારા કરવામાં આવતી કામગીરીમાં




મદદરૂપ થશે અને રાજ્યના નાગરિકોને સારી સેવા મળશે. આવનારા સમયમાં આઈક્રેટેજી સોલ્યુશન દ્વારા આવા અનેક પ્રકારના પ્રેરણાત્મક લીડરશીપ વર્કશોપો ગવરમેન્ટ માટે યોજવાનો પ્રયાસ કરવામાં આવશે . તદુપરાંત આઈક્રેટેજી અને એફડીસીએના અધિકારીઓ દ્વારા સ્વૈચ્છિક નાણાંભંડોળ પણ એકત્ર કર્યું જે અમદાવાદના વસ્ત્રાપુર બ્લાઈન્ડ એસોસિયેશન ને આપવામાં આવેલ છે .

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.